



## ગરમી વધવાની સાથે જ ચિલોડામાં શેરડીના સંચા-તડબુચના તંબુ ધમધમી ઉઠ્યા

માર્ચ માસના પ્રારંભથી કમોસમી વરસાદ માવઠાના આક્રમણ સાથે વારંવાર પલ્ટાતા વાતાવરણમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ગરમીના પ્રમાણમાં ભારે વધારો અનુભવાઈ રહ્યો છે. એકાએક વધી ગયેલા ગરમીના પારાને કારણે જનજીવન પર ઘેરી અસર પડી છે અને ચિલોડા સર્કલ આસપાસ શેરડીના સંચા તેમજ તડબુચના માંડવા મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. ચિલોડામાં પરપ્રાંતિય શ્રમજીવીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યાં છે. આ પરપ્રાંતિય શ્રમજીવીઓ વિવિધ સીઝનેબલ ધંધા દ્વારા તેમનું પેટીયું રળી રહ્યા છે. ગરમીની સીઝન ચાલુ થતાં જ આ શ્રમિકો દ્વારા શેરડીના રસના કોલા ચાલુ કરી દેવાયા છે. કેટલાક શ્રમિકોએ તડબુચ વેચવાના તંબુ તાણી દીધા છે. બપોરના સમયે ગરમીનું પ્રમાણ વધતા સમગ્ર વિસ્તારમાં અવરજવર ખુબ ઘટી જાયછે. તેવા સમયે નવરા પડેલા દુકાનદારો અને અન્ય વ્યવસાયિકો ગરમીથી બચવા શેરડીના રસ અને તડબુચનો સહારો લઈ રહ્યા છે. આ ઉપરાંત ચિલોડા વાહનવ્યવહારનું મહત્વનું સ્થળ હોવાથી અસંખ્ય મુસાફરોની ભીડ જોવા મળી રહે છે. આ મુસાફરો પણ ગરમીથી બચવા શેરડી-તડબુચની મજા માણતા જોવા મળી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# જૈન સોશ્યલ ગૃપના નવનિયુકત પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપના નવ નિયુકત પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ આજે હોટલ ઘુંઘટ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદાય લઈ રહેલા પ્રમુખ ડૉ. આરતી બુચને ફેડરેશનના પદાધિકારીઓ દ્વારા સારા કાર્યક્રમો માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.



જૈન સોશ્યલ ગૃપના વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવ નિયુકત હોદ્દેદારોમાં પ્રમુખપદે મેહુલભાઈ દોશી, ઉપપ્રમુખપદે પારસભાઈ સંઘવી અને વિનોદભાઈ શાહ, સેક્રેટરી પદે આશાબેન સરવૈયા, સહમંત્રીપદે ચેતનભાઈ શાહ અને અરૂણભાઈ ગાંધી તેમજ ટ્રેઝરર તરીકે જયેશભાઈ દોશીએ પદગ્રહણના શપથ લીધા હતા. કાર્યક્રમની શરૂઆત નવકારમંત્ર પઠનથી કરવામાં આવી હતી. અને મૈત્રી ભાવના ગાન પ્રસ્તુત કરાયું હતું. તત્કાલિન પ્રમુખ ડૉ. આરતીબેને ગત વર્ષના કાર્યક્રમો અને સિધ્ધીઓની માહિતી આપી હતી તેમજ મહિલા કારોબારી સભ્યો અને સભ્ય દંપત્તિઓનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ફેડરેશન તથા રીજીયનના પદાધિકારીઓ અરવિંદભાઈ દોશી, મનીષભાઈ શાહ, પીનાકીનભાઈ શાહ તથા ચિરાયુભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતાં.





આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરના સંગીની ગૃપની રચના પણ કરવામાં આવી હતી અને તેના સ્થાપક પ્રમુખ પદે નીકિતાબેન શાહની નિમણુંક કરાઈ હતી. આ પ્રસંગે સંગીની ગૃપના પ્રમુખ અને અન્ય હોદ્દેદારોએ પણ શપથ ગ્રહણ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવ નિયુકત સેક્રેટરી શ્રીમતી આશાબેન સરવૈયાએ કર્યુંહતું. આ કાર્યક્રમમાં ગૃપના ૩૦૦થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

### મારા પતિ દારૂ પીને ધમાલ કરે છે

# પત્નિ દારૂડીયા પતિને કાંઠલો પકડી પોલીસ સ્ટેશન લઈ આવી..!

## પોલીસે પત્નીની ફરીયાદ લઈ પતિ સામે પીધેલાનો કેસ કરી પુરી દીધો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પુરૂ પાડતો એક કિસ્સો બનવા પામ્યો છે. દારૂનો નશો કરીને આવેલા પતિનો કાંઠલો પકડીને પોલીસ સ્ટેશન લઈ જઈ હિંમતવાન પત્નિએ જેલ હવાલે કરાવ્યો છે. સે. ૧૩માંથી સે. ૨૧ પોલીસ સ્ટેશન લઈ જઈને દારૂડીયા પતિ સામે પત્નિએ ગુનો દાખલ કરાવતા પોલીસે કાયેદસરની કાર્યવાહી કરી પિયક્કડ પતિને પુરી દીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતો હરેશ મહાદેવ ઠાકોર આજે બપોરના અરસામાં ચિક્કાર દારૂ ઢીંચીને ઘરે ગયો હતો. પિધેલી હાલતમાં બેવડા પતિએ ગાળાગાળી શરૂ કરતાં કંટાળેલી પત્નિ સપનાએ હિંમતપૂર્વક દાખલારૂપ નિર્ણય લીધો. પોતાના પતિનો કાંઠલો પકડીને પત્નિ સે. ૨૧ પોલીસ સ્ટેશને લઈ ગઈ અને કહ્યું કે મારા પતિ દારૂ પીને ધમાલ કરે છે. દારૂના નશામાં ચૂર હરેશ ઠાકોરને પકડીને સે. ૨૧ પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### દારૂ ભરેલી ઈનોવા માણસા નજીક ટકરાઈ : દારૂની લુંટ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત સમોથી ગોજારીયા જતા માર્ગ પર સમી સાંજે એક ઈનોવા કાર અને આઈશર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ઈનોવા મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. આ કારમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો પડ્યો હોવાના મેસેજ ફરતાં થતા આસપાસના ગ્રામજનો દોડી ગયા હતા અને પોલીસ પહોંચે તે પહેલા દારૂ-બિયરની રીતસરની લુંટ ચલાવી હતી. પોલીસ પહોંચી ત્યાં સુધીમાં ઈનોવામાં માત્ર ૯૧ બોટલ વિદેશી દારૂ અને ૩૯ બિયરના ટીન જ વધ્યા હતા. માણસા પોલીસે ગુનો નોંધી બુટલેગર સુધી પહોંચવા દોડધામ શરૂ કરી છે.



## અંધશાળાના બાળકોને મળી સ્કુલ બસની ભેટ

સ્કૂલબસમાં શાળાએ જતા ભૂલકાંઓ માટે બસ એ માત્ર નિશાળમાં પહોંચવાનું વાહન નથી પરંતુ પોતાના લંગોટિયા મિત્રો સાથે મસ્તીભર્યો સમય વિતાવવાનું સાધન પણ છે. લગભગ તમામ ખાનગી સ્કુલોમાં સ્કુલબસની સુવિધા ઉપલબ્ધ હોય છે. પરંતુ ગાંધીનગરના સે-૧૬માં અંધશાળાના બાળકો આ સેવાથી વંચિત હોવાના કારણે ભારે મુશ્કેલી ભોગવી રહ્યા હતા. હવે તેમની આ અગવડનો અંત આવ્યો છે. કારણ કે ભારતની પ્રતિષ્ઠિત વીમા સંસ્થા એલઆઈસી દ્વારા શાળાને સ્કૂલ બસ અર્પણ કરવામાં આવી છે. (તસવીર : દિપક જાની)

# લોડીંગ વાહનોની ઓવર લોડીંગ-ઓવર ડાયમેન્શન યુકત ગંભીર બેદરકારી

## બાયપાસ રોડ પર જોખમી ઓવર લોડીંગ અને સળિયા બહાર લટકતા હોય તેવી હાલતના ઓવર ડાયમેન્શન ટુ વ્હીલર્સ ચાલકો માટે મોતના સામાન સમા : રેતી-ઈંટો-કપચી વહન કરતા વાહનો તાડપત્રી ઢાંકયા વગર જ બેરોકટોક દોડે છે : ટ્રાફિક પોલીસના આંખ મિચામણાથી સામાન્ય નાગરિકો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકાર દ્વારા ખાનગી લોડીંગ વાહનોમાં બેફામપણે કરાતા ઓવરલોડીંગ અને ઓવર ડાયમેન્શન પ્રત્યે જાગૃતી ફેલાવતી જાહેરાતો પ્રસારિત કરાઈ રહી છે. જો કે આ સરકારી જાહેરાતો માત્ર બસો પાછળ લગાડેલા પાટિયાંપુરતી જ સિમિત રહી જવા પામી છે. કારણ કે ગાંધીનગરની આસપાસ આવેલા બાયપાસ રસ્તાઓ પર ટ્રાફિક પોલિસની રહેમ નજરે જોખમી ઓવરલોડીંગ અને ઓવર ડાયમેન્શન બેરોકટોક ચાલી રહ્યું છે. એટલું જ નહિ પરંતુ રેતી, ઈંટો, કપચી વગેરનું વહન કરતા વાહનો તાડપત્રી ઢાંકયા વગર જ પસાર થઈ રહ્યા છે જેના કારણે ટુવ્હીલર ચલાવતા સામાન્ય નાગરિકો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

ગાંધીનગરના મુખ્ય બાયપાસ રસ્તાઓમાં ચિલોડાથી શાહપુર થઈ એસજી હાઈવે તરફ જતો માર્ગ અને ક-૭થી ઈલેક્ટ્રોનિક જીઆઈડીસી થઈને વાયા વાવોલ પસાર થતો માર્ગ મહ્ત્વનો છે. આ માર્ગો પરથી દિવસ દરમિયાન ખૂબ જ મોટી સંખ્યામાં ભારે વજન વહન કરતા ખૂબ મોટા લોડીંગ વાહનો જેવા કે ટ્રક, કન્ટેઈનર્સ અને ટ્રેઈલરો ઉપરાંત નાના લોડીંગ વાહનો જેવા કે ટ્રેકટર, લોડીંગ રીક્ષાઓ, ટેમ્પો અને મીની ટ્રક વગેરે પસાર થતા હોય છે. આ બધાની સાથે સામાન્ય નાગિરકો પણ તેમના ખાનગી વાહનો દ્વારા આ રસ્તેથી પસાર થતા હોય છે. જેમાં બાઈક કે સ્કૂટર દ્વારા મુસાફરી કરતા ચાલક જેમાં મોટી સંખ્યામાં મહિલા ચાલકોનો પણ સમાવેશ થાય છે. આ માર્ગો પરથી પસાર થતા લોડીંગ વાહનો દ્વારા જોખમી રીતે ઓવર લોડીંગ કરાયેલું જોવા મળવું ખૂબ જ સામાન્ય બાબત બની ગઈ છે. સૌથી વધુ જોખમી પરિસ્થિતિ ઓવર ડાયમેન્શન વાળા વાહનો એટલે કે ક્ષમતા કરતા વધુ લાંબા અથવા મોટી સાઈઝના માલસામાનની હેરફેર કરતા વાહનો સર્જેછે. આ ઓવર ડાયમેન્શનમાં સૌથી ઘાતક વાહનના પાછળ ખૂબ લાંબા સુધી ફેલાયેલા લોખંડના સળિયા હોય છે જે સાંજના કે રાત્રિના સમયે ખૂબ જ પ્રાણઘાતક સાબિત થાય તેવી સ્થિતિમાં પસાર થતા હોય છે.

ઈંટો, રેતી અને કપચી વગેરેનું વહન કરતા વાહનો જેવા કે ટ્રક, ટ્રેક્ટર-રેલી, મીની ટ્રક, ટેમ્પા વગેરેના ચાલકો દ્વારા સામાન પર તાડપત્રી કે અન્ય કવર પણ ઢાંકવામાં આવતું નથી આ કારણે આ વાહનની પાછળ ચાલી રહેલા ટુ વ્હીલર્સ ચાલકો માટે ભારે મુશ્કેલી ઉભી કરે છે કારણ કે આ વાહાનેમાંથી ઉડતી ‘રજ’ના કારણે સ્કુટર કે બાઈક ચલાવવું એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કાર્ય બની જાય છે. નવાઈની વાત તો એ છે કે આ તમામ બેદરકારી ભર્યા કૃત્યો ટ્રાફિક પોલીસની રહેમ નજર તળે જ ચાલી રહ્યા હોય છે પરંતુ માત્ર રોકડી કરવા કે હપ્તા ઉઘરાવવામાં પડેલી ટ્રાફિક પોલીસને સામાન્ય વાહન ચાલકોની મુશ્કેલી તો દેખાતી જ નથી. ગાંધીનગરના તમામ બાયપાસ માર્ગો પર દરેક મુખ્ય ચાર રસ્તે અને ઠેર ઠેર ટ્રાફિક પોલીસની હાજરી હોવા છતાં લોડીંગ વાહનો દ્વારા આચરાતી ગંભીર ગુના યુકત બેદરકારી પ્રત્યે કરાતા આંખ મિચામણાં સામાન્ય નાગરિકના મનમાંથી પોલીસ પ્રત્યેનો અહોભાવ ઘટાડવામાં અને તંત્ર પ્રત્યે નકારાત્મક વલણ વધારવા માટે જવાબદાર બને છે.

### ચૈત્રી નવરાત્રી-ધાર્મિક કાર્યક્રમ

- સેક્ટર-૨૩ માઈમંડળ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે આનંદનો ગરબો આજે બુધવારે બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમિયાન સેક્ટર-૨૩ શિવશક્તિ મંદિરે યોજાશે. ભાવિભક્તોને દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- જય બુટભવાની મંડળ દ્વારા આનંદનો ગરબો આજે બુધવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન જશોદાબેન અમીરસિંહ વાઘેલા સરગાસણ ગામ સ્થિત નિવાસસ્થાને રાખેલ છે. ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.
- ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો આજરોજ બુધવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન અલ્પેશભાઈ અખાણી, દેવપુરી બાપુની જગ્યા, ગીતાપુરા ગામ તા. દેત્રોજ-રામપુરા, જિ, અમદાવાદ ખાતે યોજાશે. ભક્તોને દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

# સ્વચ્છતા જીવનનો મૂળગત અધિકાર પર યોજાયો રાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૪

દિલ્હી ખાતે ફેંન્સા દ્વારા સ્વચ્છતા અધિકાર અભિયાન અંતર્ગત તા. ૧૯મી માર્ચના ૨૦૧૫ રોજ દ્વિતીય રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા એ જીવવા માટેનો મૂળભૂત અધિકાર છે તે બાબતને ધ્યાનમાં રાખી આ બીજા રાષ્ટ્રીય અધિવેશનમાં ૧૬ રાજ્યોના વિવિધ પ્રતિનિધિઓમાં મુખ્યત્વે સરપંચો અને તેમના પ્રતિનિધિઓ અને સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. ગાંધીનગરની ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રોજેક્ટ કોર્ડીનેટર સંજયભાઈ પ્રજાપતિની આગેવાની હેઠળ ગુજરાતના ગાંધીનગર, સાબરકાંઠા, દાહોદના સરપંચોએ સ્વચ્છતા અધિકારના દ્વિતીય રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લીધો હતો.

ગાંધીનગરના પ્રતાપપુરાના વિરસંગભાઈ ચૌધરી, સાબરકાંઠાના કરોલના રમેશભાઈ પટેલ, વળવાસના વિનુભાઈ પટેલ, સુખડના વિનુભાઈ ડાભી દાહોદના પતીસરાના દીતાભાઈ મછાર વાન્છીયા કુઈના શાંતિભાઈ ભાભોર, રાવળના વરુણાના વિજયભાઈ કટારાએ ગુજરાતમાંથી હાજરી આપી હતી. અધિવેશનમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનનું અવલોકન, તેના માર્ગદર્શન સિદ્ધાંતો, સ્વચ્છ ભારત મિશનનું બજેટ, લોકભાગીદારી વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. શહેરી અને ગ્રામીણ વિસ્તારની સ્વચ્છતાને લક્ષ્યમાં રાખી તે અંગેના અનુભવ તથા મતોની જાણકારી અને સૂચનોમાં ભાગ લેનાર લોકોએ આપ્યા હતા. અધિવેશનમાં તેલંગાણાના સાંસદ પ્રભાકર રેડ્ડી, વિનોદકુમાર, કેરળના એમ.કે. પ્રેમચંદ હાજર રહ્યા હતા.



ગુજરાતમાંથી વળવાસના સરપંચ વિનુભાઈ પટેલે ગુજરાતના અનુભવ જણાવતાં કહ્યું હતું કે જો સંપૂર્ણ ભારતને સ્વચ્છ કરવું હશે તો પ્રજા તથા સરકારે સહિયારો પ્રયત્ન કરવો પડશે. સરકારે લોકોના સૂચનોને ધ્યાનમાં લેવા જોઈએ અને નાગરિકોએ સ્વચ્છતાને મૂલ્ય તરીકે વિકસાવું પડશે. ત્યારબાદ પ્રતિનિધિ મંડળ સ્વરૂપે ભારત સરકારના રાજય કક્ષાના ગ્રામીણ વિકાસ મંત્રી સુદર્શન ભગતની મુલાકાત લીને વિવિધ રાજ્યના પ્રતિનિધિઓએ વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦
સૂર્યાસ્ત : ૬.૫૩

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૮ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૨ :**
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૩ :**
અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૩ :**
એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૬.૪૫
હંટર : ૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૪ :**
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હંટર : ૩.૪૫, ૧૦.૦૦
બ્લેક હોમ : ૭.૦૦
**સ્ક્રીન-૫ :**
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૦૦
એન.એચ-૧૦ : ૩.૪૫, ૧૦.૦૦
હંટર : ૧૨.૩૦
દમ લગાકે હઈસા : ૬.૪૫

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫
**સ્ક્રીન-૨ :**
હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦
બ્લેક હોમ : ૮.૧૫
**સ્ક્રીન-૩ :**
બે યાર : ૯.૦૦
એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫
૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. જયેન્દ્રકુમાર ચંદુલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૭) એચ-૭/૭૬, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. કુસુમબેન કનુભાઈ નાયી (ઉ.વ૫૫) ૧૪૨૨/૨, સે-૨ડી, ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન કાળીદાસ પરમાર (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૩૯૧/૨, સેકટર-૨બી, ગાંધીનગર